R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ **સાપ્તાહિક**

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રી: પ્રકાશ ધોળકીયા
વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com
(મો)૯૮૨૫૧૬૯૩૮૬
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

If undelivered pl. return to;
(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)

આપનું લવાજમ બાકી છે?હા ( )-ના ( )

કાર્યાલય :૨/૧૦ સોનિગી એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

YEAR-22 • ISSUE: 19 DATE: 11-05-2013• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## વર્લ્ડ વિઝને ૧૦ મીલીયન બાળકો માટે ૫૦૦ મીલીયન ડોલરનો પ્રોજેક્ટ બનાવ્યો



એક માનવતાવાદી કાર્ય કરતી ખ્રિસ્તી સંસ્થા વર્લ્ડ વિઝને વિશ્વભરના ૧૦ મીલીયન બાળકો માટે અને તેમને મદદરુપ થવાના હેતુસર ૫૦૦ મીલીયન ડોલરનો ખર્ચ કરવાનો મનસુબો બનાવ્યો છે.બાળકોને મદદરુપ થવાના કાર્યોમાં ચોખ્ખુ પીવાનું પાણી,તેમના આરોગ્ય અંગેની સુવિધાઓ, તેમના રક્ષણ અને માવજત માટેની સગવડો મુખ્ય હશે. જ્યારે સરકારે પરદેશથી આવી રહેલ તમામ મદદોને સરકાર તરફથી નકારવામાં આવી છે ત્યારે આ અંગે વિચાર કરવામાં આવ્યો હતો.

બાળકોને મદદ આપવા માટે જે બાબતો અંગે વિચારણા કરવામાં આવી તેમાં જ્યાં મચ્છરો દ્વારા બાળકોની જીંદગી ભયમાં છે ત્યાં ૧.૧ મીલીયન મચ્છરદાનીઓનું વિતરણ કરવું.જેના કારણે મલેરીયાથી થતા મોતને નાથી શકાય.૩,૦૩,૦૦૦ લોકોને પીવાનું સ્વચ્છ પાણી પુરુ પાડવું.આરોગ્યની જાળવણી થાય માટે યોગ્ય સેનીટેશન વ્યવસ્થાઓ ઉપલબ્ધ કરાવવી.અને ૨ મીલીયનથી વધારે બાળકોને સારો પોષણક્ષમ ખોરાકની ઉપલબ્ધી કરાવવી.૨૦૧૫ સુધીમાં આ જરુરીયાતોને પહોચી વળવું.

વર્લ્ડ વિઝન માટે આ એક પડકારજનક બાબત છે.જે તેના ઈતિહાસમાં ક્યારે ઉદ્ભવી નથી.તેમના ઓરગેનાઈઝેશના પ્રેસિડેન્ટ રીચાર્ડ સ્ટીન્સે આ જણાવ્યું હતું.તેમણે કહ્યું કે અમારુ લક્ષ્ય અઘરુ છે પરંતુ એ માટે અમો પુરતા આશાવાદી છીએ.આ કોઈ નાણાં ઉભા કરવા માટેનું લક્ષ્ય નથી.પરંતુ વિશ્વભરના જરુરીયાતમંદ બાળકોના હક્કમાં કરવાનું કાર્ય છે.બાળકોને મદદ કરવાની છે અને તે માટે જે દાતાઓ તૈયાર છે તેમણે આ પડકારજનક લડાઈમાં અમારો સાથે આપવાનો છે.

વર્લ્ડ વિઝનનો આ પડકાર નું લક્ષ્ય ચોખ્ખુ પાણી ઉપલબ્ધ કરાવવું,ગંભીર પ્રકારની બિમારીઓ સામે લડત આપવી,ગરીબાઈમાં ઝઝુમતા કુટુંબોને નાણાંકીય સહાય આપવી,બાળકોનું રક્ષણ કરવું જેમાં માનવ તસ્કરીના મામલે વધુ તકેદારી કેળવવી,તેમજ સ્થાનિક ચર્ચો સાથે સહકારથી કામગીરી કરવી.

અમો અમારા ભુતકાળના અનુભવો પરથી જાણીએ છીએ કે જ્યારે સરકારી સહાયમાં કાપ આવે ત્યારે તેની અસર ખાનગી દાનો પર પણ પડે છે.વિદેશી સહાયમાં પણ કાપ આવે ત્યારે તેની અસરો ખાનગી દાનો પર પણ પડવાની છે.તે પણ અમો જાણીએ છીએ.તેથી અમોને જે પ્રોજેક્ટ હાથ લેવાઈ ચુક્યા હોય તેને તત્કાળ રોકવા અસંભવ હોય છે તેમજ તેના માટે દાતાઓને આર્કષવા પણ તકલીફરુપ હોય છે.રોબર્ટ ઝેક્રીસ્ટ,સીનીયન ડાયરેકટર ફોર એડવોકેસી એન્ડ ગર્વ.રીલેશન,એટ વર્લ્ડ વિઝને આ જણાવ્યું હતું.ઘણા જ અગત્યના સમયે કેટલાક પડકારો ઉભા થાય છે.તેનાથી આપણે કેટલીક ઓછી સફળતાઓ મળે છે. પરંતુ કેટલીક બાબતોમાં જેવી કે બાળપણની બિમારીઓ સબંધી કેટલીક લડાઈઓ છોડી શકતા નથી.અને તેમાં આપણે પ્રયાસ અને પરિશ્રમ કરતાં રહેવું પડે છે.

## ગોવા હાઇકોર્ટ દ્વારા ગોવા મીટ કોમ્પલેક્ષ હંગામી ધોરણે બંધ કરવાનો આદેશ

ગોવાની હાઈકોર્ટ દ્વારા ગેરકાયદેસર પશુઓની થતી કતલ સામે ગોવા મીટ કોમ્પલેક્ષને હંગામી ધોરણે બંધ રાખવા હુકમ કર્યો હતો.તેના જવાબમાં ગોવાની સરકારે હાઈકોર્ટમાં અપીલ કરી હતી તેમાં જણાવાયું હતું કે સરકારી કતલખાનાઓમાં કોઈપણ જાતની ગેરકાનુની રીતરસમો અપનાવવામાં આવતી નથી કે કોઈપણ જાતની ગેરકાયદેસર કતલ કરવામાં આવતી નથી.હાઈકોર્ટે આપેલ આદેશ બાદ તુરતજ સરકાર કામે લાગી ગઈ હતી. સરકારે ત્યારબાદ ખાત્રી આપી હતી કે બળદો અને પાડાઓન કતલ નજીકના ભવિષ્યમાં શરુ કરવામાં આવશે.ગોવાના મુખ્યમંત્રી મનોહર પારીકરે જણાવ્યા મુજબ સરકાર તમામ પ્રકારની ખાત્રી કરશે કે મીટ કોમ્પલેક્ષની અંદર કે બહાર કોઈપણ જાતની ગેરકાનુની રીતો ચાલતી નથી ત્યારબાદ કોર્ટને આ અંગેની માહીતિ આપવામાં આવશે.અમો કોર્ટને વિનંતી કરીશું કે અમોને કોર્ટ બુલ અને મેલ બફેલોની કાયદેસરની કતલ કરવાની રજામંદી આપે.મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે વિધાનસભામાં આ પ્રશ્ન બાબતે તાત્કાલિક ચર્ચા કરવામાં આવી હતી.તેમજ બીફ મટનની ઉભી થયેલ અછતને નિવારવા તાત્કાલિક પગલાં લેવા માટ ચાલુ બજેટ સત્રમાં તેની ચર્ચા થઈ હતી.તેમણે કહ્યુ હતું કે કોર્ટે આપેલ નિર્ણયથી અમોને આશ્ચર્ય જરુરથી થયું છે કારણે કોર્ટ તરફથી કોઈ પ્રકારની નોટીસ ઈસ્યુ પહેલાં સર્વ કરવામાં આવી નહોતી.હાઈકોર્ટનો ઓર્ડર ગોવંશ રક્ષા અભિયાન,ગોવા તરફથી કોર્ટમાં કરવામાં આવેલ એક પીટીશનના અનુસંધાનમાં હતો.જેમાં એવો આરોપ મુકવામાં આવ્યો હતો કે કોમ્પલેક્ષમાં ગરકાયદેસર રીતે પશુઓની કતલ કરવામાં આવે છે.પીટીશનર તરફથી કોર્ટમાં થોડાક પુરાવાઓ રજુ કરવામાં આવ્યા હતા



જેમાં જણાવાયું હતું કે કેટલાંક હેલ્થી બુલની કતલ કરવાની સરકારી વેટરનરી અધિકારીઓ દ્વારા પરમીશન અપાય છે.

હાઈકોર્ટ બેંચ દ્વારા ત્રણ સભ્યોની એક કમીટીની નિમણુંક કરવામાં આવી હતી.જે આ કરવામાં આવેલ આક્ષેપોની તપાસ કરશે અને તેનો રીપોર્ટ કોર્ટમાં રજુ કરશે.ગોવા ખાતે કાયદેસરના બંધ થયેલ કતલખાનાને કારણે રાજ્યની રેસ્ટોરંટોએ બીફની આઈટમો પોતાના મેનુંમાંથી રદ કરી દીધી છે.

બીફ ગોવા રાજ્યમાં વસતા મોટા ભાગના લોકોનો ખોરાક છે.ગરીબ લોકોમાં તે લોકપ્રિય ખોરાક છે તેમજ સસ્તો ખોરાક તરીકે ઉપભોગમાં લેવાય છે.જેમાં ખુબજ રાહતના દરે પ્રોટીન મેળવી શકાય છે.અને ભુખ્યા પેટને ભરવા માટે ગમતો ખોરાક માનવામાં આવે છે.જોસ પરેરા, ગોવન ક્રિશ્ચીયન યુથ વેલફેર એસોસીયેશનના જણાવ્યા પ્રમાણે બીફની કોઈપણ આઈટમ તમારી ભુખને પુરી કરે છે.આ ઉપરાત બીફ એ સ્ટેપલ મીટ છે જે લઘુમતીઓને માટે પોષક છે.ગોવાના ૩૦ ટકાથી વધારે લોકો બીફ ખાય છે.આ ઉપરાંત રોજબરોજના હજારો પ્રવાસીઓ જેઓ ગોવાના પ્રવાસે આવે છે તેઓ બીફમાંથી બનતી આઈટમો ખાવાનું પસંદ કરે છે.બીફની માંગ દિવસે દિવસે વધતી જાય છે.લગ્નની સીઝનોમાં તેની માંગ એકદમથી વધી જાય છે.મોટાભાગના લગ્નોમાં બીફની બે આઈટમો પીરસવામાં આવે છે.



સીરીયાના વડાપ્રધાનના રસાલા પર દમાસ્કસ ખાતે થયેલા બોબ હુમલામાં નષ્ટ થયેલ કારનું એક દશ્ય

**જાહેરાત માટે સંપર્ક કરો**
આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઇટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવ ક્રાંતિ

ગુજરાત અને ગાંધી એ બે નામ એવી રીતે ભુતકાળમાં લેવાતાં કે તમને એ બે માટે ગૌરવ અનુભવાય.આજે ગુજરાતમાં વિકાસને નામે પોલીસ ખંડણી ઉઘરાવે અને નશાબંધીના ના નામે ગુજરાતમાં દારુની નદીઓ વહે.આ છે નવા ગુજરાતનો વિકાસ.ગાંધીના છાપ વાળી નકલી નોટો ગુજરાતમાં જ ફરતી થાય અને એનો વેપલો પર ગુજરાતમાં થાય.વિકાસના નામ પર અનેક કૌભાંડો છતાં થઈ રહ્યા છે.ચીટફંડો વાળા પણ ગુજરાતની ધરતી પર આવી અનેક લોકોને ઠગી જાય,રોજ રોજ અનેક બહેનોના અછોડા લુંટાય,માલમિલકત ધોળે દહાડે લુંટાય,સામાન્ય નાગરિક રસ્તા પર જતો હોય અને નવા ધનકુબેરોના વછેરાઓ મોધી દાટ ગાડીઓથી  તમને ઉડાવતા જાય, રાજકીય પક્ષોના નેતાઓને સસ્તી જમીનો પધરાવી દેવાય, અને થોડાક ધનપતિઓ એકઠા થઈને આખુ ગુજરાત લુંટે,આ બધું ગુજરાતમાં જ શક્ય છે. કારણકે ગુજરાત વિકાસ તરફ દોડી રહ્યું છે.જો આને જ વિકાસ કહેવો હોય તો જરુરથી કહી શકાય કારણકે ભુતકાળમાં ગુજરાતની પ્રજાએ આવો વિકાસ કલ્પ્યો નહોતો. ખેર, મોટાભાગની જનતાને આ ભાવી ગયુ છે કે ફાવી ગયું છે.તેમને આ બધાની ઝાઝી અસર દેખાતી નથી.તેમને માત્ર યેનકેન પ્રકારે તેમનું પેટ ભરવું છે.



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

## આણંદ ખાતે લવાજમ સ્વીકારશે

૧.શ્રી કિરીટભાઈ પોલ ક્રિશ્ચીયન, શાંતિનગર સોસા.
પરીખ ભુવન પાછળ,આણંદ.૧મો.૯૯૨૪૪૭૨૮૯૫
૨.શ્રી ગીદીયોલ પોલ,
મેરેજ રજીસ્ટાર,કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫,૯૭૨૩૩૩૨૩૯૬
રિશ્તા,
નાનાબજાર,વિદ્યાનગર,જી.આણંદ. મો.૯૪૨૭૦૨૬૦૮૩
આપના લવાજમો તેમને આપી આભારી કરશો.

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

★ **નીલા ફાઇનાન્સ** ★

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

**ડાયરેક્ટરશ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર, પાર્ક સ્ટ્રીટ,મેથોડીસ્ટ નર્સીંગ સ્કુલ સામે,મિશન રોડ, નડીયાદનો સંપર્ક કરવો.**

તેમના ફોન નં. **૯૮૯૮૩૧૮૬૮૫, ૯૭૧૪૫૧૮૩૬૭** છે .

(૧) રજીસ્ટ્રેશન ફી રૂ.૫૦, રૂ ૧૦૦ તથા વિના મુલ્યે યોગ્યતાના ધોરણે લેવામાં આવશે.

(૨)આર્થિક રીતે નબળા વિધવા કે બેરોજગાર વ્યક્તિઓ પાસેથી રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.તેમજ આવી વ્યક્તિઓ જીવનસાથી પસંદગી કેન્દ્રની રૂબરૂ મુલાકાતે આવશે તો પસંદગી કેન્દ્ર તરફથી તેમને ભાડા પેટે વધુમાં વધુ રૂ ૩૦-૦૦ આપવામાં આવશે.

(૩)રજીસ્ટ્રેશન ફી સિવાય લગ્ન પહેલાં કે પછી કોઈપણ જાતની ફી કે નાણાં લેવામાં આવતાં નથી.

(૪)લગ્નવાંચ્છુક યુવક -યુવતીઓના બાયોડેટા વિનામુલ્યે જાહેરાત તથા ઈન્ટરનેટ પર મુકવા સંપર્ક કરવો.

(૫)visit by appointment only.

E.mail : Shalemmburo@gmail.com

## શાલેમ મેરેજ બ્યુરો જીવનસાથી પસંદગી વિભાગ (યુવકો)(૨૫)

| નંબર | શૈક્ષણીક લાયકાત | જન્મ તારીખ | માસિક આવક | મિશન | |
|---|---|---|---|---|---|
| ૨૭૨ | બીકોમ. ડીપ્લોમા એરટુરીઝમ | ૨૨-૧૧-૮૩ | ૧૮૦૦૦ | મેથો. | કુંવારા |
| ૨૭૪ | એમ.આઈ.ટી.ઓસ્ટ્રેલીયા | ૧૩-૧૧-૮૫ | - | મેથો. | કુંવારા |
| ૨૭૭ | એમએ.બી.એડ(ઇઝરાયેલ રીટર્ન) | ૧૨-૧૧-૭૫ | ૩૨૦૦૦ | મેથો. | કુંવારા |
| ૨૭૮ | જી.એન.એમ. | ૧૭-૫-૮૭ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૮૧ | હોસ્પી.મેનેજ.(ઓસ્ટ્રેલીયા) | ૨-૩-૮૪ | ૨.૫૦લાખ | આર.સી. | કુંવારા |
| ૨૮૨ | ડીપ્લો.સીવીલ એન્જી.બીઈ સીવીલ. | ૨૫-૫-૮૬ | ૧૬૫૦૦ | મેથો. | કુંવારા |
| ૫૬૧ | ૧૨પાસ,ડ્રાફ્ટ્સમેન,વાયરમેન,એક્ષ.ટેકની. | ૧૮-૪-૮૧ | ૯૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૬૨ | બી.કોમ.ટીવાય ચાલું | ૧૬-૮-૮૪ | ૨૦૦૦૦ | મેથો. | કુંવારા |
| ૫૬૩ | ૧૨પાસ,આઈટીઆઈ ઈલેકટ્રીશયન,કોલેજ૧વર્ષ | ૧૦-૪-૭૯ | ૨૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૬૪ | એમ.એ.બીએડ(ઇંગ્લીંસ)આઈટીઆઈપાસ | ૨૪-૬-૮૩ | ૫૩૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૬૬ | ૧૨પાસ,આઈટીઆઈ ફીટર | ૧૬-૬-૭૯ | ૧૯૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૬૭ | જીએનએમ ૩૧/૨વર્ષબીએબીએડ(ઇંગ્લીસ) | ૨૭-૯-૮૨ | ૧૧૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૬૯ | ૧૦ પાસ | ૨૩-૬-૮૨ | ૮૦૦૦ | મેથો. | કુંવારા |
| ૫૭૧ | ૧૨પાસ,આઈટીઆઈ વાયરમેન,બેવર્ષ | ૨૬-૧૦-૭૬ | ૬૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૭૨ | એમએસડબલ્યુ(ઇંગ્લીંસ મીડીયમ) | ૧૯-૫-૮૫ | ૬૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૭૩ | દસ ફેલ | ૧૫-૩-૭૭ | ૫૦૦૦ | મેથો. | કુંવારા |
| ૫૭૫ | એમએ.બીએડ(હિન્દી)ગુજરાતી | ૧૦-૭-૮૦ | ૩૦૦૦ | સાલ્વે.આ. | કુંવારા |
| ૫૭૬ | એમકોમ,સીસીસી,એમએસ ઓફિસ | ૩-૯-૮૪ | ૧૨૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૭૭ | ૧૨પાસ,આઈટીઆઈ ફીટર(ઓપીપી,એલએનટી) | ૨૯-૯-૮૫ | ૧૮૦૦૦ | મેથો. | કુંવારા |
| ૫૭૮ | બીએ.આઈટીઆઈ,ફીટર | ૨૫-૯-૮૨ | ૫૭૦૦ | આર.સી. | કુંવારા |
| ૫૭૯ | ૧૦પાસ,આઈટીઆઈ વેલ્ડર | ૧૨-૨-૮૨ | ૯૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૮૩ | જીએનએમ | ૭-૬-૮૬ | ૨૫૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૧૬૨ | ૧૦ પાસ | ૧૫-૧-૭૫ | ૧૨૦૦૦ | આર.સી. | વિધુર |
| ૧૬૩ | ૧૦પાસ | ૨૮-૧૦-૭૭ | ૨૦૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૧૬૪ | ૧૨ પાસ,કોમ્પ્યુટર કોર્ષ ૧ વર્ષ | ૨૫-૧૦-૮૦ | ૬૦૦૦ | સીએનઆઈ | છુટાછેડા |
| ૧૬૫ | બેચલર ઓફ કોમ્પ્યુટર,ટીવાય ચાલુ | ૧૬-૮-૮૪ | ૨૦૦૦૦ | મેથો. | છુટાછેડા |
| ૧૬૬ | આઠ પાસ | ૧૬-૧૧-૬૯ | ૭૦૦૦ | મેથો. | વિધુર |
| ૧૬૮ | ૧૨પાસ | ૧૧-૯-૬૩ | ૧૦૦૦૦ | સીએનઆઈ | વિધુર |
| ૧૬૯ | બીએ.એકવર્ષ નર્સીંગ કોર્ષ | ૧૨-૩-૭૬ | ૫૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૧૬ | ૮ પાસ વિકલાંગ | ૧૧-૨-૭૨ | ૬૦૦૦ | આઈ.પી. | કુંવારા |
| ૧૭ | ૯પાસ વિકલાંગ | ૧-૪-૭૪ | ૫૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૧૮ | ૧૦નાપાસ,આઈટીઆઈ ફીટર બે વર્ષ વિકલાંગ | ૧૨-૧૦-૮૪ | ૫૫૦૦ | મેથો. | કુંવારા |

## ★ યુવતીઓ (૨૫) ★

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૭૪ | બીએસસી.માઈક્રો,એમએસટી,એમબીએ ઓસ્ટ્રે. | ૨૯-૪-૭૯ | ડોલર૧૬૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૭૬ | ૧૨ સાયન્સ,૩૧/૨વર્ષ ડીપ્લો.નર્સીંગ | ૧૬-૨-૮૬ | ૧૦૦૦૦ | સાલ્વે. | કુંવારા |
| ૨૭૭ | બીએસસી.ડીપ્લો.લેબ.ડીએમએલટી.સેક્રટરી કોર્ષ | ૧૦-૬-૮૯ | - | આર.સી. | કુંવારા |
| ૨૭૮ | એમ.સી.એ. | ૧૯-૪-૮૩ | ૨૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૭૯ | બી.એ(ફેલ૧ વિષય)બીપીએન.૩જા વર્ષમાં | ૧૬-૯-૮૨ | - | મેથો. | કુંવારા |
| ૨૮૦ | બીપીએનએ નર્સીંગ | ૨૦-૧-૮૬ | ૭૦૦૦ | મેથો. | કુંવારા |
| ૨૮૨ | બીએ ૧વર્ષ,નર્સીંગ જીએનએમ ૨જાવર્ષમાં | ૨૯-૧-૮૮ | ૪૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૮૩ | એમ.બી.એ.(એચ.આર) | ૩૦-૬-૯૦ | ૧૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૮૪ | બી.પી.એન.એ. | ૬-૭-૮૮ | ૨૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૮૫ | જીએનએમ.૩ ૧/૨વર્ષ | ૫-૯-૮૮ | ૧૧૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૮૬ | બીકોમ.અમેરીકા ગ્રીન કાર્ડ | ૨૩-૧૧-૭૨ | - | આર.સી. | કુંવારા |
| ૩૭૧ | બીકોમ.ઈલે.ડીપ્લોમાં. | ૨૯-૩-૮૨ | ૧૦૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૩૭૨ | એમએ બીએડ, ગુજરાતી | ૫-૧૦-૭૯ | - | આર.સી. | કુંવારા |
| ૩૭૩ | ૧૦ નાપાસ | ૧૨-૯-૭૬ | - | મેથો. | કુંવારા |
| ૩૭૪ | બીએબીએડ (ઈંગ્લીસ સાથે) | ૭-૩-૮૪ | ૭૦૦૦ | મેથો. | કુંવારા |
| ૩૭૫ | ૧૨ પાસ ,છમાસ નર્સીંગ | ૫-૭-૭૮ | - | સા.આર્મી | કુંવારા |
| ૩૭૬ | પ્રીપીટીસી,કોમ્પ્યુટર,એમએ ચાલુ | ૨૮-૫-૮૬ | ૪૨૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૭૮ | ૧૦ નાપાસ,નર્સીંગ ૧વર્ષ | ૭-૯-૮૮ | ૩૫૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૭૯ | બીએ ૧ વર્ષ | ૯-૭-૭૪ | ૧૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૮૧ | જીએનએમ | ૧૧-૯-૮૩ | ૨૫૦૦૦ | મેથો. | કુંવારા |
| ૧૧૩ | બીએ.ફીજીયોલોજી,કેરટેકર નર્સીંગ ૧ વર્ષ | ૪-૧૧-૭૪ | - | અલા. | છુટાછેડા. |
| ૧૧૪ | ૧૨ પાસ.(નર્સીંગ)ચિલ્ડ્રન હોસ્પી.બેવર્ષકોર્ષ | ૯-૨-૭૫ | ૬૦૦૦ | મેથો. | છુટાછેડા |
| ૧૧૫ | બીએ.તથા અન્ય કોર્ષ અમેરીકા. | ૨-૨-૭૯ | - | સીએનઆઈ | છુટાછેડા |
| ૧૧૬ | એમ.એ.બી.એડ. | ૨૫-૧૦-૭૭ | ૧૦૦૦૦ | અલાયન્સ | છુટાછેડા |
| ૧૮૨ | એકાઉન્ટીંગ સીએ ,અમેરીકા. | ૧૧-૩-૮૦ | - | આઈ.પી. | છુટાછેડા |
| ૨૧૦ | બીકોમ. ગ્રેજ્યુએટ કોમ્પ્યુટર એન્જી. સ્ટાફ નર્સ | ૨૯-૭-૭૮ | ૩૦૦ડોલર | સીએનઆઈ | છુટાછેડા. |
| ૩૬૨ | ૧૦ નાપાસ વિકલાંગ | ૧૮-૧૦-૯૦ | - | સીએનઆઈ | કુંવારા |
| ૩૭૨ | ૧૦ પાસ વિકલાંગ | ૧૨-૯-૭૬ | - | મેથો. | કુંવારા |

## ★ ઇન્ટરનેશનલ શાલેમ મેરેજ બ્યુરો ★

જાહેરાત વધુ ગ્રાહકો સુધી પહોચાડવા માટે નવક્રાંતિ સુચારુ માધ્યમ


૫૩મો
ગુજરાત ગૌરવ દિવસ

# વિકાસમાં સૌનો સાથ છે
# સંસ્કારમાં સમાજ ભાગીદાર છે,
# ગુજરાતની ઊજળી આવતીકાલ છે,
# ભારતનું ગૌરવ ... આ ગુજરાત છે.

## છ કરોડ ગુજરાતીઓને
## ગુજરાતના ગૌરવ દિવસના
## હાર્દિક અભિનંદન

નરેન્દ્ર મોદી,
મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય

## સૌનો સાથ..... સૌનો વિકાસ



To get more information and give your feedback visit us at
http://www.gujaratinfomation.net
join us on www.facebook.com/gujaratinformation.official
follow us on
www.twitter.com/inforgujarat

# નોર્ધન નાઇજીરીયામાં ખ્રિસ્તીઓ વિરુધ્ધ હિંસામાં વધારો

રીલીઝ પાર્ટનરના રીપોર્ટ પ્રમાણે સ્ટેટ દિ બોર્નો ખાતે આ સપ્તાહમાં ખ્રિસ્તીઓ વિરુધ્ધ હિંસામાં વધારો થવા પામ્યો હતો.સ્ટીફન્સ ફાઉન્ડેશનના જણાવ્યા પ્રમાણે કેટલાક હથિયારધારી લોકોએ મૈઇડુગીરી ખાતે એક બસને રસ્તા પર રોકી હતી અને તેમાં બેઠેલા પેસેન્જરોને તેમના ધર્મ માટે પુછપરછ કર્યા બાદ જેઓ ખ્રિસ્તી હતા તેમને ગોળી મારી દેવામાં આવી હતી. આ બસમાં છ ખ્રિસ્તીઓને તેમની આસ્થા પ્રગટ કરવાને માટે મારી નાંખવામાં આવ્યા હતા.આ ઉપરાંત ઈસ્લામીક કટ્ટરવાદીઓ દ્વારા ઘેર ઘેર ફરીને લોકોને બંધુકની અણી ઉપર ઈસ્લામ કબુલ કરવા માટે ફરજ પડાય છે.

આ સપ્તાહમાં હિંસા અને લડાઈ ફાટી નિકળી છે. ઉત્તર બોર્નોની બાજુએ મીલટરી અને ઈસ્લામીક કટ્ટરવાદીના જુથ બોકો હરામ વચ્ચે લડાઈ પુર જોશમાં ચાલી રહી છે.બીબીસીના સમાચારો મુજબ ૧૮૫ માણસો આમનો સામનો ગોળીબારીમાં બાગા ટાઉનમાં માર્યા ગયા છે.જે ચેડની સરહદ નજીક આવેલું છે.કટ્ટરવાદીઓ ૨૦૦૦ જેટલા ઘરોનો નાશ કર્યો છે.બોકો હરામ નોર્થ નાઈજીરીયામાં ઈસ્લામીક સ્ટેટ સ્થાપવા માંગે છે.

ઈસ્લામીક શરીયતો સાથેનું રાજ્ય સ્થાપવાનો બોકો હરામનો મનસુબા પાછળ હજારો લોકો મોતને શરણ થયા છે.સરકાર લડાઈને શાંતિમાં પરિવર્તિત કરી શકી નથી. ખ્રિસ્તીઓ ઈસ્લામિક કટ્ટરવાદીઓના કારણે ધીમે ધીમે માઈગ્રેટ કરી રહ્યા છે.




## ઇસ્લામિક કટ્ટરવાદીઓ દ્વારા ખ્રિસ્તી વિધવાની હત્યા

અલ શબાબ નામના ઈસ્લામિક કટ્ટરવાદી ગ્રુપ દ્વારા એક ખ્રિસ્તી વિધવા જેને પાંચ બાળકો હતા તેની હત્યા કરી દીધી હતી.આ વિધવા સ્ત્રીનો પતિ મુરસલ સીયાદ જેને આજ કટ્ટરવાદીઓ દ્વારા હત્યા કરવામાં આવી હતી.ત્યાર બાદ તેઓ તેમની પત્નીને કેટલાક મહિનાઓથી શોધી રહ્યા હતા.શીયાદને મુસ્લીમ ધર્મ છોડ દીધા બદલ સતત ધમકીઓ મળી રહી હતી.તેની પત્ની તેના પતિની હત્યા બાદ આ વિસ્તાર ત્યજીને પોતાના બાળકો સાથે અન્ય વિસ્તારમાં નાસી છુટી હતી.સતત ધમકી અને ત્રાસના કારણે તેણી સેન્ટ્રલ સોમાલીયા છોડી અન્યત્ર જવા માટે બસમાં મુસાફરી કરી રહી હતી ત્યારે કટ્ટરવાદીઓ દ્વારા બસના પેસેન્જરોની તપાસ કરાઈ હતી. જેમાં તેણી પકડાઈ ગયા બાદ તેની હત્યા કરી દેવામાં આવી હતી.હવે તેના પાંચ બાળકો અનાથ બની ગયા છે.



સાઉદી અરેબીયા પોતાની ધરતી પર ગેરઈસ્લામી કોઈપણ ધાર્મિક સ્થળને બાંધવા નહી દેવા મક્કમ છે.સાઉદી અરેબિયામાં ધાર્મિક સ્વાતંત્રતામાં થતી રુકાવટો માટે તેમની વિશ્વમાં છાપ સારી નથી.વિવિધ ધર્મોના લોકોની થતી સતાવણી માટે વોચ લીસ્ટે તૈયાર કરેલ યાદીમાં સાઉદી અરેબીયાનું નામ મોખરામાં છે.છતાં અગત્યની બાબતતો એ છે કે સાઉદીએ અન્ય ધર્મીઓના નેતાઓની સાથે ચર્ચાઓ યોજી હતી અને પોતાના વિચારો મક્કમ રીતે રજુ કર્યા હતા.સાઉદીમાં ખ્રિસ્તીઓ પોતાના ચર્ચો બાંધવા માટે મંજુરી મળે માટે આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

# વર્ણ વ્યવસ્થા : ગાંધીજી અને આંબેડકર

ગાંધીજી : ગાંધીજી વર્ણવ્યવસ્થામાં માનતા હતા અને તેને અનુમોદન આપતા હતા એ ખરુ પરંતુ, ગાંધીજી વર્ણ-કોમ-જ્ઞાતિ સંલગ્ન કે તેમના વ્યવસાયો સાથે જોડી દીધેલા, ઉચ્ચ નીચના(ચડિયાતો-ઉતરતો) ખ્યાલો કે માન્યતાને અનુમોદન આપતા નહોતા.એમનો આગ્રહ અસ્પૃશ્યતા વગરની અને રોટીબેટીના ભેદભાવ વગરની વર્ણવ્યવસ્થાનો હતો.

ડૉ.આંબેડકર : બાબા સાહેબ વર્ણવ્યસ્થાના પ્રખર વિરોધી હતા અને તેને જડમુળમાંથી ઉખેડી નાખવા ઈચ્છતા હતા. આ બાબતે તેઓ લગીરે બાંધછોડ કરવા માંગતા નહોતા.આ બંને મહાનુભાવોના મંતવ્યો ચિંતક અને લેખક ડો.ગુણવંત શાહ આ રીતે સમજાવે છે.

એરફ્રાંન્સની એરહોસ્ટેસે એક વાર પ્રવાસમાં ભુલથી મને માંસાહારી ભોજનની પ્લેટ આપી દીધી. મને તરત જ વહેમ પડયો એટલે એને બોલાવીને મે પુછયુ : ‘ભાતમાં આ શાના ટુકડા છે ‘? ‘એ બીફના ટુકડા છે.’ મે કહ્યું કે ‘હું ચુસ્ત શાકાહારી છું અને મેં વેજીટેરીયન આહારની સુચના આગળથી આપેલી છે.’ જવાબમાં સ્મિતપુર્વક એરહોસ્ટેસે કહ્યું : સર,’ભાતમાંથી બીફના ટુકડા વીણી લઉં તો ચાલે’ ? મે સાફ ના પાડી.

ગાંધીજી જ્યારે અસ્પૃશ્યતા વગરની અને રોટીબેટીના ભેદભાવ વગરની વર્ણવ્યવસ્થાનો બચાવ કરે ત્યારે તર્ક,મનોવિજ્ઞાન અને વાસ્તવિકતા એક સાથે નંદવાય છે.ડો.આંબેડકરને ગાંધીજી સામે ખરેખરો વાંધો આજ હતો. ગાંધીજી પેલી એરહોસ્ટેસની માફક વર્ણવ્યવસ્થાની ડીસમાંથી અસ્પૃશ્યતા જેવી ગંદી બાબત કાઢી લઈને ડીશ બચાવી લેવા માંગતા હતા. ડો.આંબેડકર એ આખી ડીશને કચરાપેટીમાં પધરાવવાનું કહેતા હતા. મને તો એવો પાકો વહેમ છે કે જો ગાંધીજીએ વર્ણવ્યવસ્થાને રૂખસદ આપવાની વાત કરી હોત તો આંબેડકરે હિંદુ ધર્મ છોડીને બૌધ્ધ ધર્મ સ્વીકાર્યો ન હોત.મારા આ વહેમના સમર્થનમાં હું તા. ૪-૨-૩૩ને દિવસે એક લાંબી મુલાકાત વખતે યરવડા જેલમાં ડો.આંબેડકરે ગાંધીજીને કહ્યા તે શબ્દો અહીં ટાંકુ છું. આ શબ્દોમાં આખાને આખા આંબેડકરની પુરી સચ્ચાઈ પ્રગટ થાય છે.

“તમે બહુ વિશાળ પ્રશ્ન ઉપાડ્યો છે. અમારે લેવાદેવા છે ત્યાં સુધી તો રાજદ્વારી સત્તા સિવાય તાત્કાલિક નિસ્બત અમારે બીજા કશા સાથે નથી.વ્યવહારિક દષ્ટિએ મંદિરપ્રવેશ અમારે માટે મહત્વનો પ્રશ્ન નથી.દલિત કોમો માટે બહુ દુઃખજનક વસ્તુ તો એ છે કે સવર્ણ હિંદુઓની નજરમાં અમે જરાય ચડ્યા નથી.દલિત વર્ગનું નામ દેવામાં આવે ત્યારે તમારા મન સામે એક બબરચી અથવા તો એક ઝાડુવાળાનું ચિત્ર ખડું થાય છે.અપ્રતિષ્ઠાનું કલંક અમારા ઉપરથી દુર થાય ત્યારે જ અમારી સામેનો અમંતરાય દુર થઈ શકે.શું હુ મને બુધ્ધિપુર્વક હિંદુધર્મનો અનુયાયી કહેવડાવી શકુ ખરો ? ખરાબ રિવાજોથી હું એકલો અકળાતો નથી.ખરાબ રિવાજો તો ખ્રિસ્તી ધર્મમાં અને ઈસ્લામાં પણ છે. દા.ત. ગુલામી.પણ જે રિવાજો પ્રગતિનું ચક્ર અટકાવે છે તે રિવાજો ધર્મની માન્યતા પામેલા રિવાજો કરતાં જુદા હોય છે.પહેલા રિવાજોને સહન કરી લેવા હું તૈયાર થાઉ પણ બીજી દાતના રિવાજો હું સહન કરી શકતો નથી. ચાતુર્વર્ણ્યનો દાખલો લો. એનો અર્થ એ થાય છે કે જન્મ પ્રમાણે સમાજમાં ઊંચનીચનું વર્ગીકરણ કરવું. મને હિંદુ કહેવડાવવામાં એ જ મુશ્કેલી પડે છે. હિંદુ કહેવડાવવાની સાથે મારે એ સ્વીકારવું પડે કે હું એક નીચજાતિનો છું. એટલે મારે હિંદુઓને કહેવું જોઈએ કે એવો ધર્મસિધ્ધાંત મને બતાવો જેમાં આવો નીચપણાનો ભાવ ન આવે તેમ ન થાય તો હિંદુ ધર્મને મારે તિલાજંલી આપવી જોઈએ.મંદિરમાં હું પ્રવેશ કરીને હું શું કરુ, જ્યારે એ પ્રવેશનો અર્થ તો એ થાય કે નીચપણાની છાપ હું સ્વીકારુ છું.એટલે દલિત વર્ગના લોકો હિંદુઓને એમ કહે તે વ્યાજબી જ છે કે જો તમારે અમને હિંદુ ધર્મમાં રાખવા હોય તો એવી કોઈ પધ્ધતિ ઉપજાવી કાઢો જેમાં દલિત વર્ગોને પ્રતિષ્ઠાનુ સ્થાન મળે અને તેમને નીચું સ્થાન આપનારા તમામ તત્ત્વો તેમાંથી નાબુદ કરી નાંખવામાં આવ્યા હોય” (ગાંધી- આંબેડકર મતભેદોની ધરી કઈ ?
- ગુણવંત શાહ)

ફાધર વિલિયમ

લગ્ન વિષયક

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર
ગીડીયોન પોલ પરમાર
(ગર્વ.મેરેજ રજીસ્ટાર)
નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

સમાચાર સંપાદન
શ્રી સંજય પોલ ચૌહાણ

ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

નવક્રાન્તિ સાપ્તાહિક
૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.
અમી સર્જીકલ
જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
કેર કોમ્પ્યુટર સેન્ટર
ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



| નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે. | અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે. |
|---|---|
| શ્રી ભાઈલાલભાઈ ટેલર, પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨<br>શ્રી વિલિયમભાઈ ટી.પરમાર, નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨<br>શ્રી.એસ.કે અમીન, આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨ | શ્રી લોઈડભાઈ ક્રિશ્ચિયન, જીવન સાહિત્ય ભંડાર, શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮<br>ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ, શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨ |



તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.